॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૨ જુન-જુલાઇ ૧૯૯૧ અંક ૧

## વાલીઓને.

### શિક્ષણનું માધ્યમ અંગ્રેજી કે માતૃભાષા ?

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું ઘટે. આમ છતાં તાલીમથી કે ત્યારબાદ થોડા સમય પછી જ્યારે અંગ્રેજી માધ્યમનો આગ્રહ રાખનાર વાલીઓ જોઉં છું ત્યારે આશ્ચર્ય થાય છે. અંગ્રેજો જ્યારે ભારત પર રાજ્ય કરતા હતા ત્યારે અંગ્રેજી માધ્યમની શાળાઓ ઓછી હતી. મોટાભાગના વિષયોનું શિક્ષણ માતૃભાષામાં જ અપાતુ અને સારૂં અંગ્રેજી શ્રેણી પાંચથી (એ જમાનાનાં ફર્સ્ટ સ્ટાન્ડર્ડથી) અપાતું, અને કોલેજમાં જતાં, અંગ્રેજી માધ્યમથી ભણી શકાય એવા અંગ્રેજીથી વિદ્યાર્થીઓ તૈયાર થતા.

માધ્યમિક તથા પ્રાથમિક કક્ષાએ અંગ્રેજીને માધ્યમ તરીકે આપવાથી વિદ્યાર્થી ઉપર નવી ભાષા શિખવાનો અને નવો વિષય અને તેની વસ્તુ Content શિખવાનો એમ બેવડો બોજો આવી પડે છે, ને જે ઘરમાં અંગ્રેજી ભાષાનું વાતાવરણ જ ન હોય તેવા બાળકોની મુસીબતનો પાર રહેતો નથી. જે કક્ષાએ બાળકને નવું નવું ભણવાનો, સમજવાનો, પચાવવાનો, ઉત્તમ ગાળો હોય છે, ત્યારે ભાષા તેના માર્ગમાં અંતરાયરૂપ ન બને તે આવકારદાયક છે. માતૃભાષાથી બાળકનો કુદરતી અને ઝડપી વિકાસ થાય છે તે નિર્વિવાદ છે.

સદ્ભાગ્યે એવો વિચારશીલ વર્ગ ગુજરાતમાં સારા પ્રમાણમાં રહ્યો છે જે માને છે કે બાળકને પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષણ ગુજરાતીમાંજ આપવું જોઇએ પણ સાથે સારી કક્ષાનું અંગ્રેજી વિદ્યાર્થીને આ વર્ષોમાં મળવું જોઈએ. પોતાના બાળકને અંગ્રેજી માધ્યમમાં મૂકી, પસ્તાઇ, ગુજરાતી માધ્યમમાં વેળાસર મૂકી શકયા, તેઓ સદ્ભાગી; બાકી બાળકનું ભવિષ્ય આ વ્યવસ્થાથી સુધરી ન શકે એવા કમનસીબની સંખ્યા પણ સારી એવી રહી છે.

દિનુભાઇના વંદન

### આવી અધીરાઈ શા માટે ?

શાળા છૂટવાનો ઘંટ વાગ્યો ને સૌ બાળકો જલ્દી ઘેર જવા અધીરા બની ગયાં....સુમીત શ્રીપાલ, સ્નેહા, જાનકી, બધાં જ જલ્દી તેમની ચોપડીઓ ગોઠવી તૈયાર જ હતાં, અને એટલે ઝપાટાભેર નીચે ઊતરી ગયા પણ ગૌરવ આમે ય ધીરો એટલે તેને રોજ જ ચોપડીઓ ગોઠવતાં વાર થતી....વર્ગમાંથી તેને નીકળતાં મોડું જ થાય.... પણ ગૌરવની મમ્મી ગીતાબેન ખૂબ અધીરાં.... શાળા છૂટવાને દસ મિનિટની વાર હોય ને તેઓ આવી જ ગયા હોય....આ બાબતની નિયમિતતા ઘણી ઇચ્છનીય, તે માટે ગીતાબેન ધન્યવાદને પાત્ર છે, પરંતુ શાળામાં આવ્યા પછી તેમની અધીરાઈ અનેક વખત મુશ્કેલી ઊભી કરી મૂકે છે.

શાળાનાં ઓટલા પર જવા પગથિયાં તો છે જ, છતાં તેમની અધીરાઈ તેમને છોડનાં કયારામાંથી કુદીને જ વર્ગમાં જવા પ્રેરે છે....ને છોડ ચીમળાઈ જાય તેની તેઓ જરાય ફીકર કરતાં નથી.... ઘંટ પડતાં બહાર નીકળતાં છોકરાંઓની ગિરદી વીંધી ને તેઓ વારંવાર એકદમ વર્ગમાં તેમનાં ગૌરવ પાસે ધસી જવા પ્રયત્ન કરે છે....બિચારા નાના બાળકોનું તેમની આગળ શું ગજું ?.... કાલે જ તેમનાં ધક્કાથી પેલો ચિરાગ પડી ગયો ને તેને કપાળમાં વાગ્યું.

આવા પ્રસંગો રોજેરોજ બને છે, બહાર સૂચના પણ મૂકવામાં આવે છે કે "વાલીએ બાળકને લેવા અંદર સુધી ન જવું...." ને છતાં ય વાલીની આ અધીરાઈ કયારેક ખૂબ મોટી મુશ્કેલી ઊભી કરી દે છે. શાળા છૂટે ત્યારે કોઇ જ બાળકને તકલીફ ન પડે અને બધી જ વ્યવસ્થા સચવાય તે માટે વારંવાર નિયમો કરીએ છીએ, પરંતુ વાલીની આ અધીરાઈ અને અશિસ્ત અમારે માટે રોજે-રોજની સમસ્યા બની જાય છે. બાળક શાળાએ ફક્ત શિક્ષણ માટે જ નથી આવતું.... જીવનનાં ઘડતરમાં પણ શાળા મહત્ત્વનો ભાગ ભજવે છે....તે માટે કેટલીક શિસ્ત અને તેનું કડક પાલન નાનપણથીજ શીખવવું જરૂરી છે.... બાળકના સામાજિકરણનું એ એક અગત્યનું પાસું છે. પરંતુ જો વાલી જ આ શિસ્ત તરફ તકેદારી નહીં રાખે તો તેમનાં બાળકનું શું?.... તેનાં ભાવિ ઘડતરનું શું?.... આપણી જ અધીરાઈ કયારેક આપણો અવરોધ બની ઊભી રહી જાય છે.

ઊર્મિલા શાહ

## ફ્રાંન્સના મીઠાં સંભારણાં

તા. ૨૭ જૂનની એ સવાર....કેટલાક વાલીઓ શારદામંદિરના એ પ્રાર્થનામંદિરમાં ભેગાં મળ્યાં ત્યારે ખબર ન હતી કે આપણાં જ બાળકો આંતરરાષ્ટ્રીય બાળ-મહોત્સવનાં એ વિશ્વમંચ સુધી પહોંચી જશે ને આટલી પ્રશંસા પામશે. રંગબહારને મળેલાં આમંત્રણને ઉપક્રમે શારદામંદિરના ૨૩ બાળકો માટે ફ્રાંસમાં યોજાયેલાં આ બાલમહોત્સવમાં જોડાવાનો નિર્ણય લેવાયો ને તેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ. પ્રવાસની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક પ્રવૃતિના મુખ્ય સચિવશ્રી નરહરિભાઇ અમીને પ્રવાસીઓને આશીર્વચન પાઠવ્યાં હતાં.

આ આંતરરાષ્ટ્રીય બાલમહોત્સવ FESTIVAL "MONDIALDE FOLKLORE 1991" તરીકે ઓળખાય છે. આમાં સ્વીટઝરલેન્ડ પોલોનિયા, બ્રિટાનીયા મેકિસકો, બેનીન વિ. દેશોનાં બાળકોએ ભાગ લીધો. બધાંજ દેશના બાળકો 'માથા' હેડકવાર્ટર સ્કૂલમાં સાથે ભોજન લેતા તથા ત્યાંનાં ટાઉનહોલમાં કાર્યક્રમો રજૂ કરતાં દરેક દેશને રોજ કાર્યક્રમ રજૂઆત માટે ૨૦ મિનિટ ફાળવવામાં આવતી તા. ૧૧મી જુલાઈએ મહોત્સવની ઉદ્ઘાટન વિધિ ખૂબ દબદબાપૂર્વક થઈ, શાંતિના દૂત એવા કબૂતરો ઉડાડવામાં આવ્યા, ને એ પ્રસંગે દરેક દેશે ૨ મિનિટ તેમના કાર્યક્રમની ઝલક રજૂ કરી, આ પછી માથા શહેરની શેરીઓમાં તમામ કલાકારોની પરેડ યોજાઈ આપણા બાળકો ભભકદાર ચણિયા ચોળીને ઓઢણીમાં સજજ થઈ સડકની બે બાજુ હારબંધ ચાલતાં જાય ને વચમાં જયોતિષભાઈ દાંડવાલા ગળે હાર્મોનિયમ લટકાવી, નયનભાઇ દવે ગળે ઢોલક લટકાવી સંગીતનાં સ્વર ને તાલની રંગત જમાવતાં જાય ને તે સાથે આનંતબેન શાહ અને પ્રિતીબેન મહેતા મધુર કંઠે ગીતો ગાતાં જાય આ દરમ્યાન ત્યાંના પ્રેક્ષકો એક પછી એક કેમેરાની કલીપ દાબતાં જાય તો કોઇ વિડીયો કેમેરામાં એ સ્મૃતિઓને કંડારી દેવા આતુર બની આમ તેમ ધૂમી રહ્યા હોય આમ અમે ટાઉનહોલ પર પહોંચ્યા ને ત્યાં કાર્યક્રમ શરૂ થયો પછી તો તા. ૧૧ થી ૧૬ સુધી રોજ જ સ્ટેજ શો, સ્ટ્રીટ શો, પરેડ, સાબીચ શો, પીકનીક, સાઈટ-સીઈંગ શો.શ્યલ ગેધરીંગ, હોરેટ એક પછી એક કાર્યક્રમો જે રીતે ચાલ્યાં....કે દિવસ પછી દિવસ કયાં વિત્યાં તે પણ ખબર ન પડી ૧૬મી એ પૂર્ણાહુતિ સમારંભમાં આપણને ૧૫ મિનિટ કાર્યક્રમ રજુઆત માટે મળી એ પ્રસંગે ફેસ્ટીવલના પ્રમુખ મિ. જેસી બેરેન્ઝરે આપણાંબાળકોને ૪ ફૂટ લાંબો પુષ્પગુચ્છ અર્પણ કર્યો. ને સાથે પુસ્તકો, ચોકલેટ વિ. ભેટો આપી શ્રી દિનુભાઇએ ભારતીય સંસ્કૃતિના પ્રતિકરૂપે શ્રી બેરેન્ઝરને કુંકુમતિલક કરી રંગબહાર સંસ્થાનો જવેલ પહેરાવી અને શ્રી રાજેન્દ્રભાઈ અને જયોતિષભાઇએ ભેટ આપી અભિવાદન કર્યું.

આ બધાં જ બાળકોને ફ્રાંન્સમાં આવેલા બ્રેચ વિલેજ, બ્યુરી વિલેજ અને મિંઓ વિલેજમાં જુદા જુદા હોસ્ટ પેરન્ટસને ત્યાં રાખવામાં આવ્યાં. તેઓની મહામૂલી મૂડી હતી તેમનાં હૃદયમાં રહેલો બાળકો માટેનો પ્રેમ બાળકોને સમયસર લેવા આવવું, તેમને સમયસર તૈયાર કરવા, રોજ વહાલથી ઉઠાડવા સરસ રીતે પ્રેમથી બ્રેકફાસ્ટ કરાવવો તેમની સારસંભાળમાં કયાં ય કશી જ ઉણપ કયારે ય રહેતી ન હતી અને તેમાં ય તેઓ જયારે બાળકને લેવા કે મૂકવા આવે ત્યારે જ સમજાતું કે "પારકાંને પોતાના કરવા જેવો પ્રેમ" આ માબાપના હૃદયની મહામૂડી છે. તેમને હૈયા સરસા ચાંપતાં જયારે જોતો ત્યારે મને પ્રતીતિ થઇ કે આપણા બાળકો ભલે કદાચ તેમની ભાષા બરાબર બોલતાં કે સમજતાં ન હોય પણ પ્રેમની ભાષાને વાચાની જરૂર નથી હોતી સાચો પ્રેમતો હૃદયમાંથી અને આંખોમાંથી આપોઆપ જ વ્યક્ત થાય છે.

સારા ય પ્રવાસ દરમ્યાન બાળકોના સમયનું આયોજન ખૂબ શિસ્તભર્યું રહેતું, પળેપળ પ્રવૃત્તિમાં વિતતી, સવારના આઠથી માંડી મોડી રાતના બે કે ત્રણ સુધી કાર્યક્રમો ચાલુ રહેતા અને આપણા બાળકોએ આ પરિસ્થિતિમાં પણ જે ખમીર દાખવ્યું છે તે ધન્યવાદને પાત્ર છે. કયારે ક તો કાર્યક્રમની રજૂઆત પહેલાં પાંચ મિનિટમાં જ સમાચાર મળે કે કાર્યક્રમ આપવાનો છે, તે છતાં ય બાળકો તૈયાર થઈ જાય. ગમે ત્યારે અચાનક જ નવા કાર્યક્રમો તૈયાર કરી દેવા પડે ને તેમાં ય તેઓએ કયારે ય પાછી પાની કરી નથી. ભરત નાટ્યમ્‌ના નૃત્યથી માંડી ગરબા સુધી બધુ જ વગર રીહર્સલને ખૂબ સુંદર રીતે રજૂ કરતાં ત્યારે જ ખ્યાલ આવ્યો કે આ બાળકોમાં અગાધ શક્તિ પડી છે

બ્રેચના મેયર મિ. હ્યુટસન ફ્રાંસીસ બ્રેચ છોડતી વખતે અમારી સાથે ખૂબ નાચ્યા અમે સૌ એકબીજામાં એટલાં ઓતપ્રોત થઈ ગયાં હતાં કે ત્યાંથી વિદાય લેતા વિરહની વેદના અમને સૌને સ્પર્શી ગઈ.

આખાય કાર્યક્રમમાં બાળકોના વ્યક્તિત્વનો જે જે સર્વાંગી વિકાસ સધાયો તે અદભૂત હતો. શિસ્તપાલન, સમયનાં આયોજન અને તેનો સદુપયોગ, નેતૃત્વની તાલીમ સૌ સાથે સમાયોજન, અજાણ્યાં ને નવા કુટુંબોમાં સમાઈ જવાની કલા, કાર્યક્રમને રજૂ કરવાનો આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા, વ્યક્તિત્વના કેટકેટલા પાસા આમાંથી વિકસ્યા! શ્રી દિનુભાઈ તથા શ્રી રાજેન્દ્રભાઈ ભગતની રાહબરી નીચે ફ્રાંન્સના આ મહોત્સવમાં ભાગ લઈ પ્રશંસા પ્રાપ્ત કરવા બદલ સૌ. વિદ્યાર્થીઓ પ્રિતીબેન મહેતા નયનભાઇ દવે આનતિ શાહ અને શ્રી જયોતિષભાઇ દાંડવાલાને ધન્યવાદ.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

બાલમંદિરમા નવા બાળકોનું આગમન થયું છે. નવા બાળકો વ્યવસ્થિત રીતે પ્રવૃતિમય થઈ ગયા છે.

તા. ૬–૭–૯૧ને શનિવારે બાલમંદિર ब વિભાગના બાળકો રીક્ષામાં બેસી લો ગાર્ડનના પ્રવાસે જઇ આવ્યા, ને ખૂબ મઝા કરી.

ગૌરીવ્રતના તહેવારની તૈયારીઓ પુરજોશમાં થઇ જવારા વવાઈ ગયા, બાળકો સંગીતનાં સમયમાં માથે જવારા લઈ 'ગોરમાનો વર કેશરિયો' ગાતી ગરબે ધૂમી હતી. રંગબેરંગી ચણીયા ચોળી અને ઓઢાણીમાં સજ્જ થઇ તેઓએ ઉલ્લાસભેર ગરબા રજૂ કર્યા, ને આખાય વાતાવરણને ઉમંગભર્યું બનાવી દીધુ.

વાલીઓને ખાસ વિનંતી કે વર્ગ ચાલુ હોય ત્યારે કયારેય પણ તમારા બાળકના શિક્ષકને મળવાનો પ્રયત્ન ન કરશો. તેનાથી વર્ગનાં બધાંજ બાળકોની પ્રવૃત્તિમાં ઘણી ખલેલ પહોંચે છે. શિક્ષકને મળવું જ હોય તો પહેલાં ઓફીસનો સંપર્ક સાધવો જરૂરી છે.

બાળકને સમયસર લાવવાની અને પાછાં લઇ જવ ની જવાબદારી જવાબદાર વ્યક્તિને જ સોંપો, બાળકને કયારેય કોઇ મોડું લેવા આવે તો તે મૂંઝાઈ જાય છે, નિઃસહાય બની જાય છે ને ખૂબ અકળામણ અનુભવે છે.

## શિશુમંદિર

તા. ૨૯–૬–૯૧નાં રોજ ધોરણ ૫ થી ૭ માટેની મહામંત્રીની ચૂટણીમાં વિજેતા નિવડનાર નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| ભાઇઓ | મહામંત્રી | નંદિત રાજા | [૭अ] |
| | ઉપમંત્રી | અમન શાહ | [૭अ] |
| બહેનો | મહામંત્રી | પ્રાચી દાણી | [૭ब] |
| | ઉપમંત્રી | નીતિ શાહ | [૭अ] |

ધોરણ ૧ થી ૪નાં મહામંત્રીના ચૂંટણી તા. ૬-૭-૯૧નાં યોજાઇ ગઈ જેમાં નીચે મુજબ વિદ્યાર્થી ભાઈબહેનોને વિજેતા નિવડયા બદલ અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| ભાઇઓ | મહામંત્રી | શ્રીધર શેઠ | [૪ब] |
| | ઉપમંત્રી | અભિજિત મુન્શી | [૪ब] |
| બહેનો | મહામંત્રી | શાલ્વી શેઠ | [૪ब] |
| | ઉપમંત્રી | નીકી ચોકસી | [૪ब] |

શાળામાં થતી ઇતર પ્રવૃત્તિઓને અનુલક્ષીને ચાર ગૃહોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના નેતા અને ઉપનેતાની નિમણુંક નીચે પ્રમાણે કરવામાં આવી છે.

| | | | | |
|---|---|---|---|---|
| ગંગોત્રી | ભાઇઓ | નેતા | ગુંજન દલાલ | [૭ब] |
| | | ઉપનેતા | અનુજ શાહ | [૭क] |
| | બહેનો | નેતા | ફોરમ શાહ | [૭ब] |
| | | ઉપનેતા | દીપલ મકવાણા | [૭ब] |
| રત્નદીપ | ભાઈઓ | નેતા | અંજન કોન્ટ્રાકટર | [૭अ] |
| | | ઉપનેતા | દર્શિલ શાહ | [૭क] |
| | બહેનો | નેતા | અંતરા દેસાઈ | [૭क] |
| | | ઉપનેતા | કિંજલ મહેતા | [૭अ] |
| મેઘનાદ | ભાઈઓ | નેતા | મલય ઠાકરસી | [૭अ] |
| | | ઉપનેતા | નીરજ શાહ | [૭अ] |
| | બહેનો | નેતા | શતધા ત્રિવેદી | [૭ब] |
| | | ઉપનેતા | ઝીલ મહેતા | [૭अ] |
| ધવલગિરિ | ભાઈઓ | નેતા | જપન દોશી | [૭अ] |
| | | ઉપનેતા | ધવલ વસા | [૭अ] |
| | બહેનો | નેતા | ઉષ્મા વકીલ | [૭अ] |
| | | ઉપનેતા | કલગી શાહ | [૭अ] |

**ગૌરીવ્રત :–** તા. ૨૫–૭–૯૧ના રોજ ધોરણ ૧ થી ૪ તથા ત.. ૨૬–૭–૯૧નાં રોજ ધોરણ ૫ થી ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ ગરબા રાસ, હીંચ, નૃત્ય વિ. રજૂ કર્યા. માથે જવારા લઈ રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થઇ ગરબા લેતી બહેનોએ સારાય વાતાવરણને ઉલ્લાસથી ભરી દીધું.

**અભિનંદન :–**

અધ્યાત્મ વિદ્યામંદિર દ્વારા જગદ્ગુરૂ શ્રી આદિ શંકરાચાર્યજીની જન્મ જયંતિ નિમિત્તો વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. તેમાં વિજેતા નીવડનાર નીચેના વિદ્યાર્થી ભાઈબહેનોને ધન્યવાદ.

**નિબંધ સ્પર્ધા :–** પાયલ રાજેન્દ્રભાઇ શાહ (૭ अ) પ્રથમ

**ચિત્ર સ્પર્ધા :–**

પ્રથમ વિભાગ :– હીરલ પાછીયા (२अ) દ્વિતીય.

દ્વિતીય વિભાગ :– નિમિલ શાહ (૭ब) દ્વિતીય.

વકતૃત્વ સ્પર્ધા :– ચિદ્રૂપિણી દવે (૭अ) દ્વિતીય.

**ચિત્ર :–** ઇન્ડીયન કાઉન્સીલ ફોર ચાઈલ્ડ વેલ્ફેર (દિલ્હી) તરફથી યોજાયેલ ચિત્રસ્પર્ધામાં કુ. અર્પી સ્નેહલભાઇ શાહ (૬ब) ને રૌપ્ય ચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

**સ્કેટીંગ :–** ધી રોલર સ્કેટીંગ એસોશીયેશન ઓફ અમદાવાદ ડિસ્ટ્રીકટ તરફથી યોજાયેલ સ્પર્ધામાં ચિ. કાનન વૈદ્યે (૩क) અમદાવાદથી કોબા સુધી (૧૧ કિ. મી.) સ્કેટીંગ કરી સર્ટીફીકેટ પ્રાપ્ત કર્યું છે.

રાજપથ કલબની રોલર સ્કેટીંગ સ્પર્ધામાં અનુજ આર. શાહે (૭क) દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી ટ્રોફી મેળવી છે.

**કુંગફૂ :–** તા. ૧લી તથા ૨જી જુનનાં રોજ એલીસબ્રીજ આરોગ્ય સમિતિ, પ્રિતમનગર તરફથી ઇન્વીટેશનલ ફર્સ્ટ સ્ટેટ લેવલ ટુર્નામેન્ટ યોજવામાં આવી, જેમાં કાર્તિક જેટલી

(૧अ) એ રૌપ્યચંદ્રક મેળવ્યો છે. અને 'બેસ્ટ લુઝર'નું બિરુદ મેળવ્યું છે.

તા. ૮ તથા ૯મી જુનના રોજ ફર્સ્ટ ઓપન ગુજરાત **સ્ટેટ એમેચ્યોર** કરાટે, કીક બોકસીંગ ચેમ્પીયનશીપ ગોલ્ડન ગ્લોવસ્ માર્શલ આર્ટસ્ ઇન્ટરનેશનલ સુરત ખાતે યોજવામાં આવી હતી. જેમા કાર્તિકને સુવર્ણચંદ્રક મળ્યો છે. તે માટે અભિનંદન.

**સ્વીમીંગ :–** રાજપથ કલબ આયોજીત તરણ સ્પર્ધામાં બ્રેસ્ટ સ્ટ્રોક, બેક સ્ટ્રોક તથા ફ્રી સ્ટાઇલમાં અનુજ શાહ (७क) તૃતીય સ્થાન પ્રાપ્ત કરી તામ્રચંદ્રક મેળવે છે.

અમદાવાદ ડિસ્ટ્રીકટ સ્વીમીંગ સ્પર્ધામાં રાજવી શાહ (२क) બેક સ્ટ્રોકમાં પ્રથમ, બટર ફ્લાયમાં દ્વિતીય, ફ્રી સ્ટાઇલમાં દ્વિતીય અને બ્રેસ્ટ સ્ટ્રોકમાં તૃતીય ઈનામ મેળવ્યું છે. તથા ગુજરાત સ્ટેટ સ્વીમીંગ કોમ્પીટીશનાં બેક સ્ટ્રોકમાં દ્વિતીય તથા ફ્રી સ્ટાઇલમાં દ્વિતીય ઇનામ મેળવ્યું છે.

**ચેસ સ્પર્ધા :–** ગુજરાત રાજય મહિલા ચેસ સ્પર્ધામાં કુ. ઝીલ મહેતાએ પ્રથમ આવી ગંગાબહેન આસરપોટા ટ્રોફી મેળવી છે. વિજેતા વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન.

## વિનયમંદિર

તા. ૬–૭–૯૧ ને શનીવારે ધો. ૮, ૯ નાં મહામંત્રીની ચૂંટણી યોજાઇ જેમાં વિજેતા નિવડનાર નીચેના વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| ભાઇઓ | મહામંત્રી | અંકુર શાહ | (૯क) |
| | ઉપમંત્રી | દેવલ શાહ | (૯च) |
| બહેનો | મહામંત્રી | ફાલ્ગુની શાહ | (૯च) |
| | ઉપમંત્રી | અનાર શાહ | (૯ब) |

ઇતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહ નેતા અને ઉપનેતાની નિમણુંક કરવામાં આવી છે.

| | | | | |
|---|---|---|---|---|
| મેઘદૂત | ભાઇઓ | નેતા | પ્રેરક શાહ | (૯क) |
| | | ઉપનેતા | જનિશ શાહ | (૯क) |
| | બહેનો | નેતા | મોના દેસાઇ | (૯अ) |
| | | ઉપનેતા | અમી ભટ્ટ | (૯अ) |
| ગીતગોવિંદ | ભાઇઓ | નેતા | ચિંતન શાહ | (૯च) |
| | | ઉપનેતા | ભાવિન શાહ | (૯च) |
| | બહેનો | નેતા | કૃતિ પટેલ | (૯ब) |
| | | ઉપનેતા | ઉમંગી ઓઝા | (૯च) |
| પદ્મપુકુર | ભાઇઓ | નેતા | કુનાલ શાહ | (૯च) |
| | | ઉપનેતા | બાદલ કાપડિયા | (૯अ) |
| | બહેનો | નેતા | કૃતિ વોરા | (૯क) |
| | | ઉપનેતા | રાજવી શાહ | (૯क) |
| ચંદ્રમૌલિ | ભાઇઓ | નેતા | તપન ઝવેરી | (૯अ) |
| | | ઉપનેતા | વિશાલ કાપડિયા | (૯अ) |
| | બહેનો | નેતા | સીશીતા સુતરીયા | (૯क) |
| | | ઉપનેતા | ચૈતાલી શાહ | (૯ब) |

ફેબ્રુઆરી ૧૯૯૧ માં લેવાયેલ પ્રખરતા શોધ કસોટીનાં પરિણામમાં નીચેના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ ઈનામ મેળવવા પાત્ર બન્યાં છે તે બદલ તેમને અભિનંદન. કુનાલ શાહ (ધો.૮) વિજ્ઞાન ૮૫ નવમું સ્થાન, કુતિ વોરા (ધો.૮) અંગ્રેજી ૯૬% પ્રથમ સ્થાન, ભાવિક વ્યાસ, (ધો.૯) ગણિત ૮૮% દસમું સ્થાન ભાવિક વ્યાસ (ધો.૯) સમાજશાસ્ત્ર ૮૮ % આઠમું સ્થાન

શાળાનુ એસ. એસ. સી. બોર્ડનું પરિણામ ૯૭% આવ્યું છે.

શાળાની વિદ્યાર્થિની **દલાલ સજની શ્રેયાંસભાઇ** ૮૯ ૨૯ % (૬૨૫/૭૦૦) ગુણ મેળવી **અમદાવાદ કેન્દ્રમાં ૬ ઠું સ્થાન** પ્રાપ્ત કરે છે. તે બદલ તેમને અભિનંદન

એચ. એસ. સી. વિજ્ઞાન પ્રવાહમાં શાળાનું પરિણામ ૮૭ % આવ્યું છે. જેમા શાહ અલ્પા રમેશચંદ્ર કેન્દ્રમાં દસમું સ્થાન પ્રાપ્ત કરે છે.

સામાન્ય પ્રવાહનું શાળાનું પરિણામ ૧૦૦% આવ્યુ છે. કુંતલ સરૈયાને કેન્દ્રમાં સાતમુ સ્થાન મેળવવા બદલ અભિનંદન.

**અભિનંદન :–** અંકુર શાહે (૯क) રાજપથ કલબ તરફથી યોજાયેલ સ્વીમીંગ હરીફાઇમાં બ્રેસ્ટ સ્ટ્રોકમાં પ્રથમ, બટર ફ્લાય, બેક સ્ટ્રોક તથા ફ્રી સ્ટાઇલમાં દ્વિતીય આવી ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે તે બદલ અભિનંદન. રોલર સ્કેટીંગમાં પણ તેમણે દ્વિતીય તથા ટ્રીક સ્કેટીંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ને ટ્રોફી મેળવી છે તે બદલ ધન્યવાદ.

તા.૧૯–૭–૯૧નાં રોજ, **'અંધજન માનવ મંડળ'નાં ઉપક્રમે થયેલ ૧૯૯૦નાં 'Match Box Project'**નો ઈનામ વિતરણ સમારંભ યોજાયો જેમાં ધો. ૮ અને ૯નાં લગભગ ૧૦૦ જેટલા ભાઈબહેનોને ઈનામ આપવામાં આવ્યાં, સૌથી વધુ ફાળો ભેગો કરવા બદલ રાવલ શીતલ (૯च) અને **પટેલ જસ્મિન (૧૦ब)** ને વિશેષ ઇનામો આપવામાં આવ્યા. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ શ્રી ભદ્રાબેન અને શ્રી મીરાંબેને પોતે હાજર રહી વિદ્યાર્થીઓનાં આ સમાજસેવાના કાર્યનું અભિવાદન કર્યું.

**શ્રદ્ધાંજલિ :–**

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. વિરતી જીતેન્દ્રભાઈ શાહનાં આકસ્મિક અવસાનની નોંધ લેતા ભારે દુઃખની લાગણી અનુભવીએ છીએ ઈશ્વર સદ્ગતનાં આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ–૩૮૦૦૦૭.

મુદ્રણ સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૩૮૦૦૦૭. ફોન : ૪૧૨૭૮૮